નં.એસબીએચઆઇ/જમનોં./સુચના/વીએસ- ૨૦૨૫
કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ)
પ,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
તા.૧૦-૦૧-૨૦૨૫

પ્રતિ,
જિલ્લા રજિસ્ટ્રાર જન્મ-મરણ અને
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત..............................(તમામ),
જિ...............................

**વિષય:** જન્મ-મરણ નોંધણીની કામગીરી માટે અગત્યની સૂચના બહાર પાડવા બાબત.
**સંદર્ભ:** (૧) Registrar Genera India, New Delhi નો તા. ૦૯/૦૨/૨૦૨૪ના પત્ર ક્રમાંક F.No.1/7/2020-VS 1/7/2020- VS(CRS) Part-1/1671

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, ઉક્ત સંદર્ભ (૧)ના પત્ર દ્વારા જન્મ પ્રમાણ પત્ર આપવા અંગે FIRST NAMEમાં બાળકનું નામ MIDDLE NAMEમાં બાળકના પિતાનું નામ અને LAST NAMEમાં અટક લખવા જણાવવામાં આવેલ છે. તેમ છતાં પણ ઘણાં રજીસ્ટ્રારો દ્વારા FIRST NAMEમાં અટક લખી પ્રમાણપત્રો ઇસ્યુ કર્યાનું ધ્યાન પર આવેલ છે. જેના અનુસંધાને રજીસ્ટ્રારશ્રી(જ.મ.)ને નીચે મુજબની અગત્યની સૂચનાઓની અમલવારી કરવા જણાવવામાં આવે છે.

1. રજીસ્ટ્રાર/ સબરજીસ્ટ્રાર દ્વારા બાળકના જન્મ પ્રમાણ પત્રમાં FIRST NAMEમાં બાળકનું નામ MIDDLE NAMEમાં બાળકના પિતાનું નામ અને LAST NAMEમાં અટક લખવાની રહેશે.

2. જન્મ-મરણનું રજિસ્ટ્રર પુનઃગઠન કરવું એ વિલંબિત નોંધણીની પ્રક્રિયા નથી.
જન્મ-મરણનું રજિસ્ટ્રર પુનઃગઠન કરવાની કાર્યવાહી જન્મ-મરણ રજીસ્ટ્રાર કક્ષાએથી કરવાની થાય છે.

3. જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ અમલમાં આવ્યો તે પહેલા જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૮૮૬ અંતર્ગત જન્મ-મરણ પ્રમાણપત્ર ગામના નમૂના નં. ૧૪માં આપવામાં આવતું હતું. હાલ સમગ્ર દેશમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ અમલમાં હોઈ આ અધિનિયમની કલમ-૧૨ અને જન્મ મરણ નોંધણી સુધારા નિયમો, ૨૦૧૮ ના નિયમ-૮ની જોગવાઈ મુજબ નમૂના નં. ૫ અને ૬ માં ઉભો દાખલો આપવાનો રહે છે. આ સંદર્ભે નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાની રહેશે.

   જન્મ મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ હેઠળ નોંધાયેલ જન્મ-મરણનો આડો દાખલો રેકર્ડ જે અધિકારીના નિયંત્રણમાં રખાયેલ હોય તે સત્તાધિકારી પાસેથી મેળવવો
   સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ આડા દાખલા પરથી અરજદારને જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ હેઠળ જન્મ માટે નમૂના નં. ૫ અને મૃત્યુ માટે નમૂના નં. ૬ માં દાખલો કાઢી આપવો.

હાલના નમૂનામાં દર્શાવવાના થતા કોલમોની માહિતીમાંથી જે કોલમોની માહિતી મૂળ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરના નમૂનામાં દર્શાવવાની જોગવાઈ ન હોય તો તે અંગે ઉભા દાખલામાં નીચે મુજબની નોંધ મૂકવી.

......................વર્ષના જન્મ અને મરણ નોંધણી રજીસ્ટરમાં કોલમ નં.......................
અને..................... ની માહિતી નોંધવાની જોગવાઈ ન હતી.

ઉપરોક્ત બાબત આપના તાબા હેઠળના તમામ જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારોના ધ્યાને લાવી તેનો ચુસ્તપણે અમલ થાય તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

નાયબ મુખ્ય રજિસ્ટ્રાર (જન્મ-મરણ)
અને
અધિક નિયામક (વાઇટલ સ્ટેસ્ટીકસ)
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત....................................(તમામ)
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા..............................................(તમામ)
- જિલ્લા કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, જિ...............................................(તમામ)

નકલ રવાના:-

- તાલુકા રજીસ્ટ્રારશ્રી(જ.મ.) અને તાલુકા વિકાસ અધિકારીશ્રી,.................(તમામ)
  તા.............................., જિ.................................
- રજીસ્ટ્રારશ્રી(જ.મ.) અને તબીબી અધિકારીશ્રી.....................................(તમામ)
  મહાનગરપાલિકા..........................
- રજીસ્ટ્રારશ્રી(જ.મ.) અને મુખ્ય અધિકારીશ્રી......................................(તમામ)
  નગરપાલિકા...............................
- સિલેક્ટ ફાઇલ